**તારીખઃ ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧, શનિવારના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પાળવા તથા શહીદ વીરોના બલિદાનને ઉચિત ગૌરવપૂર્ણ કાર્યવાહી કરવા બાબત.**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક.............................
19 JAN 2021
શાખા 3406.........................

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ ટીએમએસ-૧૦૨૦૧૨-૧૧૨-ઘ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૩/૦૧/૨૦૨૧

## પરિપત્ર

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાંના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧, શનિવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ વાગે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવે છે અને આખા દેશમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહન વ્યવહારની ગતિ તે બે મિનિટ પૂરતી બંધ રાખવામાં આવે છે.

૨. આગામી ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૧, શનિવારના રોજ શહીદ દિન નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા અંગે નીચે મુજબની સુચના આપવામાં આવે છે.

(૧) ૩૦મી જાન્યુઆરી શહીદ દિનના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સમગ્ર રાજયમાં બે મિનિટ મૌન પાળવાનું અને કામકાજની અને વાહન વ્યવહારની ગતિ તેટલો સમય બંધ રાખવાની રહેશે.

(૨) જે સ્થળે સાયરનની વ્યવસ્થા કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ કલાકે એક મિનિટ માટે એટલે કે, ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળી સુચના આપવાની રહેશે અને બે મિનિટ બાદ એટલે કે ૧૧.૦૨ કલાકથી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વગાડવાની રહેશે અને ત્યારબાદ રાબેતા મુજબનું કામકાજ શરૂ કરવાનું રહેશે.

(૩) જે સ્થળોએ સાયરન કે ઉપર મુજબના સંકેતની વ્યવસ્થા ઉપલબ્ધ હોય ત્યાં સાયરન સંભળાય એટલે સૌ પોત પોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી મૌન પાળવાનું રહેશે.

(૪) જે સ્થળોએ સાયરન કે અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા ન હોય ત્યાં ૧૧.૦૦ કલાકે બે મિનિટ માટે મૌન પાળવા સારૂ સંબંધિતોને જાણ કરતા આદેશો બહાર પાડવાના રહેશે.

૩. શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવાનો આ અવસર ગંભીરતાથી લેવાય અને શહીદો પ્રત્યે શ્રધ્ધા - સન્માનની ભાવના પણ જાગૃત થાય તેથી શહીદ દિને શહીદો પ્રત્યે દરેક વર્ગના લોકો સક્રિય સાથ સહકાર આપે તે માટે શહીદ દિને નીચે મુજબના પગલાં લેવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયની સ્થાયી સુચના મુજબ નીચેની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧) શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે શહીદ દિન મનાવાય તે માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ / કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વકતવ્ય, સંવાદ વિગેરેનું એવી રીતે આયોજન કરવામાં આવે કે જેથી દેશને અનેક સંઘર્ષ બાદ મળેલ સ્વતંત્રતાનું મહત્વ સમજાય તથા રાષ્ટ્રિય એકતાની ભાવના લોકોમાં ઉભી થાય.

(૨) પ્રસારણ ક્ષેત્રના યુનિટો દ્વારા ભારતીય સ્વતંત્ર્યતા સંગ્રામમાં શહીદ વીરોની ભૂમિકા અને રાષ્ટ્રિય એકતા જેવા વિષયો પર સાંસ્કૃતિક કાર્યક્રમ / ફિલ્મ કે વૃત્ત ચિત્રોનું આયોજન કરવું.

(૩) રાજ્યના વિવિધ વાણિજ્ય અને ઉધોગ સંઘો દ્વારા પણ શહીદ દિન યોગ્ય રીતે મનાવવામાં આવે તે જોવા સંબંધિત વહીવટી વિભાગોને સુચના આપવામાં આવે છે.

૪. ઉપરોકત વિગતે તમામ વિભાગોએ તથા વિભાગ હેઠળના ખાતાના વડાઓ, બોર્ડ / કોર્પોરેશન, શૈક્ષણિક સંસ્થાઓ વિગેરેમાં શહીદ દિન યોગ્ય રીતે અને ભારત સરકારની ઉપરોકત સુચનાઓ મુજબ મનાવાય તે માટે જરૂરી સુચનાઓ પાઠવવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ.ર.ત્રિવેદી.
(જવલંત ત્રિવેદી)
અધિક સચિવ (પ્રો)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ
માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧ સચિવાલય, ગાંધીનગર.

માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રી / રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી. ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય દંડકશ્રી / નાયબ મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, લોકાયુકતનું કાર્યાલય, સેકટર-૧૦-બી, ગાંધીનગર.

પોલીસ મહાનિદેશકશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
સ્ટેશન મેનેજરશ્રી, ઇન્ડીયન એરલાઇન્સ, ખાનપુર, લાલ દરવાજા, અમદાવાદ-૧
નિયામકશ્રી, નેશનલ એરપોર્ટ ઓથોરીટી, અમદાવાદ એરપોર્ટ, અમદાવાદ-૧૨
સચિવાલયના સર્વે વિભાગો- પોતાના વિભાગ હેઠળના ખાતાના વડા, બોર્ડ / કોર્પોરેશનને મોકલવાની વિનંતી સહ.
માહિતી નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.- જરૂરી પ્રસિધ્ધિ અર્થે.
સર્વે જિલ્લા કલેકટરશ્રી } પોતાના જિલ્લામાં આ અંગે યોગ્ય પ્રબંધ કરવા અને સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.

સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રી
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
કેન્દ્ર નિયામકશ્રી, આકાશવાણી, અમદાવાદ.
કેન્દ્ર નિયામકશ્રી, દૂરદર્શન, અમદાવાદ.
અધિક્ષક ઇજનેરશ્રી (વિધુત), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કાર્યપાલક ઇજનેરશ્રી (વિધુત), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઇલ.

---

- પત્ર દ્વારા.

—×—×—×—×—

જા.નં. આકૃયુ/રજી/સંકલન/ ૪૯૨
તા.૨૮-૦૧-૨૦૨૧

કુલસચિવશ્રીની કચેરી,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

પ્રતિ, આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા પરિપત્રમાં જણાવેલ સૂચનાઓનો અમલ કરવા સારૂ.

કુલસચિવ